# ભારતના ઉપરાષ્ટ્રપતિની ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનની મુલાકાત (22 મે, 2024)

21 મે, 2024

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર, 19 મે 2024ના રોજ દુર્ભાગ્યપૂર્ણ હેલિકોપ્ટર દુર્ઘટનામાં અવસાન પામેલ મહામહિમ રાષ્ટ્રપતિ ડૉ. સૈયદ ઇબ્રાહિમ રાયસી, વિદેશ મંત્રી મહામહિમ ડૉ. હોસૈન અમીર-અબ્દોલ્લાહિયન અને અન્ય ઈરાની અધિકારીઓના મૃત્યુની સત્તાવાર શોકસભામાં હાજરી આપવા માટે  22 મે 2024 ના રોજ ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનની મુલાકાત લેશે. .

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઈરાનની સરકાર અને લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. વિદેશ મંત્રીએ 21 મે 2024ના રોજ નવી દિલ્હીમાં ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના દૂતાવાસની મુલાકાત લીધી અને દુ:ખદ નુકશાન અંગે ભારતનો શોક વ્યક્ત કર્યો. ભારતમાં મંગળવાર, 21 મે 2024 ના રોજ રાષ્ટ્રીય શોક મનાવવામાં આવશે.

**નવી દિલ્હી**
**21 મે, 2024**